# દેશભરમાં જડબેસલાક બેંક હડતાળ

## ચેક ક્લીયરન્સ, રોકડ ઉપાડ, ડિપોઝીટની સેવા ખોરવાઈ






નવી દિલ્હી,તા.૧૦

જાહેરક્ષેત્રના બેંક કર્મચારીઓની બે દિવસની રાષ્ટ્રવ્યાપી હડતાળના પ્રથમ દિવસે આજે બેંકીગ સેવાને માઠી અસર થઈ હતી. લાખો કર્મચારીઓ જુદી જુદી માંગણીઓને લઈને હડતાળ ઉપર રહ્યા હતા. હડતાળના પરિણામ સ્વરૂપે દેશભરમાં જાહેર ક્ષેત્રની બેંકોની શાખાઓમાં ચેક ક્લીયરન્સ, રોકડ ઉપાડ અને થાપણોની પ્રક્રિયાને અસર થઈ હતી. પગારમાં સુધારા માટેની માંગણી ઉપર દબાણ લાવવાના હેતુસર બે દિવસની હડતાળ શરૂ થઈ હતી. કર્મચારીઓએ કહ્યું હતું કે, આ હડતાળને મોટી સફળતા મળી છે. આવતીકાલે પણ આ હડતાળ જારી રહેશે અને બેંકીગ સેવાને અસર થશે. બે દિવસની હડતાળના કારણે જાહેરક્ષેત્રની બેકો પર આજે તાળા જોવા મળ્યા હતા જેથી બેંકીંગ સેવા ઠપ રહી હતી. નેશનલ ઓર્ગેનાઈઝેશન ઓફ બેંક વર્કર્સના જનરલ સેક્રેટરી અશ્વીની રાણાએ કહ્યું હતું કે, બેંક મેનેજમેન્ટ દ્વારા ઓફર કરવામાં આવેલી પગાર વધારાની ઓફર વધતી મોંઘવારી મુજબ નથી. યુનિયનો દ્વારા ચીફ લેબર કમિશનર સાથે છઠ્ઠી ફેબ્રુઆરીના દિવસે યોજાયેલી સમાધાન બેઠક દરમિયાન ૧૦ ટકાના પગાર વધારાની ઓફરને ફગાવી દેવામાં આવી હતી. યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન નવ બેંક કર્મચારીઓ અને ઓફિસર્સ યુનિયનની છત્રસંસ્થા છે.

અગાઉ આજે સવારે બેંક કર્મચારીઓની રાષ્ટ્રવ્યાપી હડતાળના કારણે બેંકોમાં કામગીરીને માઠી અસર થઈ હતી. જો કે ખાનગી ક્ષેત્રની આઈસીઆઈસીઆઈ બેંક, એચડીએફસી બેંક તથા એક્સિસ બેંકમાં કામકાજ સામાન્ય રહ્યું હતું. યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયનના અધિકારી એમ વી મુરલીએ કહ્યું હતું કે મુખ્ય શ્રમ અધિકારીની સમક્ષ ૧૦મી ફેબ્રુઆરીના દિવસે ભારતીય બેંક એસોશીએશનની બેઠક મળી હતી જેમાં કોઈ નિર્ણય લેવાયો ન હતો. બેઠકમાં આઈબીએ વેતનમાં ૧૦ટકા પગાર વધારાના પ્રસ્તાવમાં કોઈ સુધારો કરાયો ન હતો. ગ્રાહકોને કોઈપણ પ્રકારની તકલીફ ન પડે તે માટે પહેલાથી જ માહિતી આપી દેવામાં આવી હતી. ઓલ ઈન્ડિયા સ્ટેટ બેંક ઓફિસર્સ ફેડરેશન તથા ઓલઈન્ડિયા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સ્ટાફ ફેડરેશનના લોકો પણ હડતાળમાં જોડાયા છે. આ અગાઉ ૧૪મી ડિસેમ્બરના દિવસે આઈબીએની સાથે પગાર વધારાના મુદ્દા ઉપર વાતચીત નિષ્ફળ રહ્યા બાદ જાહેર ક્ષેત્રના બેંક કર્મચારીઓએ ૧૮મી ડિસેમ્બરના દિવસે એક દિવસની હડતાળ પાડી હતી. બેંક કર્મચારીઓના વેતન સમીક્ષાનો મામલો નવેમ્બર ૨૦૧૨થી પેન્ડીંગ છે. યુએફબીયુ નવ બેંકોના કર્મચારી તથા અધિકારીના યુનિયનોના છત્ર તરીકે છે.

દેશભરમાં જાહેર ક્ષેત્રની ૨૭ બેંક છે જેમાં આશરે ૮ લાખ કર્મચારી કામ કરે છે. બેન્કીંગ હડતાળના કારણે આજે કર્મચારીઓ તેમની ફરજથી દૂર રહ્યા હતા. જુદા જુદા માંગણી ઉપર દબાણ લાવવા દેખાવો પણ કરવામાં આવ્યા હતા. પગારમાં વધારા ઉપરાંત બેન્કીંગ સેવામાં ખાનગી લોકોની એન્ટ્રીને લઈને પણ વાંધો ઉઠાવવામાં આવ્યો છે.

### બેન્કોની કમાણીનો ઉપયોગ પગાર વધારામાં ન થઈ શકે

નવી દિલ્હી,તા. ૧૦

જાહેરક્ષેત્રની બેંક કર્મચારીઓની બે દિવસીય હડતાળના પ્રથમ દિવસે સેવાને માઠી અસર થઈ હતી ત્યારે નાણાપ્રધાન પી ચિદમ્બરમે આજે કહ્યું હતું કે, બેંકોને થઈ રહેલા નફાનો ઉપયોગ માત્ર પગારમાં વધારો કરવા માટે



કરી શકાય નહીં. કારણકે, અન્ય ઘણાં પણ બેંકીંગ ઉદ્દેશ્યો રહેલા છે. તેમણે એમપણ કહ્યું હતું કે, તેઓ બેંકોના અધિકારીઓ અને કર્મચારીઓને એવી અપીલ કરવા માંગે છે કે, વાસ્તવિક્તા સમજવાની જરૂર છે. બેંકના નફા, બેંકની કમાણી સિવાય ઘણા ટાર્ગેટ રહેલા છે.ઓફિસર્સ, સ્ટાફ અને કર્મચારીઓના દાવાને સંપૂર્ણપણે સમજવાની જરૂર છે. યોગ્ય ઉકેલ ઉપર પહોંચવાની જરૂર છે. ચિદમ્બરમે નવી દિલ્હીમાં એક બેંકીંગ કાર્યક્રમના ભાગરૂપે પત્રકારો સાથે વાતચીત કરતા આ મુજબની વાત કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, માત્ર તમામ નફાનો ઉપયોગ ડિવીડન્ડ જાહેર કરવામાં અને પગારવમાં વધારો કરીને તથા બેંક કર્મચારીઓને એલાઉન્સ આપીને કરી શકાય નહીં. મેળવવામાં આવેલી કમાણીનો મહત્વપૂર્ણ હિસ્સો અન્ય ક્ષેત્રોમાં ઉપયોગ કરવામાં આવે તે પણ ખૂબ જરૂરી છે. ચિદમ્બરમના આજના નિવેદનથી બેંકિંગ કર્મચારીઓ નાખુશ દેખાઈ રહ્યા છે. જાહેર ક્ષેત્રની બેંકોના કર્મચારીઓ હાલ પગાર વધારાની માંગણીને લઈને હડતાળ પર છે ત્યારે નાણાં મંત્રી દ્વારા આ વિવાદ જગાવે તેવું નિવેદન આવ્યું છે.

## બ્રહ્મોસ મિસાઈલને સામેલ કરવા આઈએએફ સુસજ્જ

નવી દિલ્હી,તા.૧૦

ભારત ૨૯૦ કિલોમીટરની રેન્જ ધરાવતી સુપર સોનિક બ્રહ્મોસ ક્રૂઝ મિસાઈલનું ટૂંક સમયમાં જ પરીક્ષણ શરૂ કરશે. તેની સૌથી ખતરનાક પરંપરાગત મિસાઈલ બ્રહ્મોસનું પરિક્ષણ હવે શરૂ કરવાની તૈયારી ચાલી રહી છે. આ વર્ષના અંત સુધી આની તૈયારી કરી લેવામાં આવે તેવી શક્યતા છે. સૈના અને નોકાસેના માટે આને તૈયાર કર્યા બાદ આઈએએફ હવે બ્રહ્મોસ મિસાઈલને સામેલ કરવા માટે ઉત્સુક છે. અવાજની ગતિ કરતા પણ આ મિસાઈલ વધુ ઝડપથી ઊડાણ ભરી શકે છે. ટેકટીકલ અને નોન ન્યુક્લીયર મિસાઈલમાં વિશ્વમાં બેસ્ટ તરીકે આને ગણવામાં આવે છે. સબસોનિક મિસાઈલ કરતા વધારે શક્તિ આમા રહેલી છે. ત્રણ ટનની જમીન અને દરિયાઈ આવૃત્તિ કરતા હવાથી લોન્ચ કરાતી બ્રહ્મોસ મિસાઈલનું વજન ૨.૫ ટન છે જે દરિયાઈ અને જમીની બ્રહ્મોસ મિસાઈલ કરતા ઓછી વજનની છે. જાણકાર લોકોનું કહેવું છે કે બ્રહ્મોસ માટે કુલ ઓર્ડર બુકનો આંકડો ૨૬૭૭૬ કરોડ સુધી પહોંચ્યો છે. સેનાનો આંકડો ૧૩૬૧૮ કરોડનો છે. વર્ષ ૨૦૦૭ બાદથી સૈનાએ સતત બ્રહ્મોસ બ્લોક-૨ મિસાઈલોની વ્યવસ્થા ઊભી કરી છે. આવનાર દિવસોમાં આ દિશામાં વધુ ઝડપથી આગળ વધવામાં આવશે. આ વર્ષે પ્રજાસત્તાક દિવસની પરેડમાં બ્રહ્મોસ વેપન સિસ્ટમ રજૂ કરવામાં આવતા ભારે ગૌરવની સ્થિતિ જોવા મળી હતી.

## સ્પોટ ફિક્સીંગ મામલામાં મેયપ્પન દોષિત જાહેર

નવી દિલ્હી,તા.૧૦

બીસીસીઆઈના પ્રમુખ એન શ્રીનિવાસનને મોટો ફટકો પડે તેવા એક ઘટનાક્રમમાં બીસીસીઆઈના વડા શ્રીનિવાસનના જમાઈ મયપ્પનની સટ્ટાબાજીમાં સંડોવણીનો ખુલાસો થયો છે. શ્રીનિવાસનના જમાઈની તકલીફ પણ આના કારણે વધી ગઈ છે. મયપ્પન ઉપર પહેલાથી જ પ્રહારો થતા રહ્યા છે. તેમનું નામ અગાઉ પણ સપાટી પર આવી ચુક્યું છે. ચેન્નાઈ સુપરકિંગ્સમાં ગુરુનાથ મયપ્પનની ભુમિકાને લઈને પ્રશ્નો ઉઠી રહ્યા છે. આઈપીએલમાં સટ્ટાબાજી અને સ્પોટ ફિક્સિંગને લઈને સુપ્રીમ કોર્ટ દ્વારા બનાવવામાં આવેલી જસ્ટીસ મુકુલ મુડગલ કમિટીએ તેના અહેવાલમાં ચેન્નાઈ સુપરકિંગ્સના માલિક એન શ્રીનિવાસન અને તેમના જમાઈ ગુરુનાથ મયપ્પન પર સકંજો મજબૂત બનાયો છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ગુરુનાથ મયપ્પનની સામે સટ્ટા લગાવવા અને સુચના ઉપલબ્ધ કરાવવાનો આક્ષેપ સાબિત થયો છે. આની સાથે જ અહેવાલમાં એમપણ જણાવવામાં આવ્યું છે કે, મયપ્પની સામે મેચ ફિક્સિંગના આક્ષેપ ઉપર હજુ વધારે ચકાસણીની જરૂર છે. રાજસ્થાન રોયલ્સના રાજ કુંદ્રાને પણ સ્પોટ ફિક્સિંગના આરોપોમાંથી ક્લીનચીટ આપવામાં આવી નથી અને જણાવવામાં આવ્યું છે કે આમાં હજૂય તપાસની જરૂર છે. કમિટીએ સુપ્રીમ કોર્ટને બંધ કવરમાં તપાસ દરમિયાન સપાટી ઉપર આવેલા નામ આપી દેવામાં આવ્યા છે. આમાં શ્રીનિવાસનની એવી દલીલને પણ ફગાવી દેવામાં આવી છે કે, મયપ્પન ચેન્નાઈ સુપરકિંગ્સ ફ્રેન્ચાઈસીસ સાથે જોડાયેલા ન હતા અને માત્ર ક્રિકેટ સમર્થક હતા. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, મયપ્પન ચેન્નાઈ સુપરકિંગ્સના



ચેહરા તરીકે હતા. કમિટીએ કહ્યું છે કે, બીસીસીઆઈના પ્રમુખના હોદ્દા ઉપર શ્રીનિવાસનના રહેવા અને આઈપીએલ ફ્રેન્ચાઈસીસના માલિકી હક પર હિતને લઈને સંઘર્ષની સ્થિતિ હતી. કોર્ટ દ્વારા આ મામલામાં વિચારણા કરવાની જરૂર છે. કમિટીના અહેવાલ બાદ ભારે ખડભળાટ મચી ગયો છે. અહેવાલતના તારણો એવા સમયે આવ્યા છે જ્યારે હાઈપ્રોફાઈલ આઈપીએલ ટુર્નામેન્ટ માટે બેંગલોરમાં બે દિવસીય બેઠક યોજાનાર છે. સીએસકેના સ્ટેટ્સને લઈને પણ પ્રશ્નો ઉભા થઈ ગયા છે. જોકે બીસીસીઆઈએ હજૂ સુધી કોઈપણ પગલા નહીં લેવાની તૈયારી કરી છે. સુપ્રીમ કોર્ટની એકે પટનાયક અને જેએસ કેહરની બનેલી બેંચ દ્વારા આ સમિતીની રચના કરવામાં આવી હતી અને અહેવાલ આપવા માટે સૂચના અપાઈ હતી. કોર્ટે બીસીસીઆઈ અને ક્રિકેટ એસોસીએશન ઓફ બિહારની અરજી પર સુનાવણી ચલાવાઈ હતી. અહેવાલમાં અન્ય મુદ્દાઓ પણ ઉઠાવવામાં આવ્યા છે.

## બે વિમાની યાત્રી પાસેથી લાખોનું સોનું જપ્ત કરાયું

હૈદરાબાદ,તા.૧૦

હૈદરાબાદમાં સમશાબાદ ખાતેના રાજીવ ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાની મથકે બે વિમાની યાત્રીઓ પાસેથી ૬૦૦ ગ્રામ સોનું કબ્જે કરવામાં આવ્યું છે. આ સોનાની કિંમત બજારમાં ૧૮.૬૩ લાખ રૂપિયા હોવાનું જાણવા મળ્યું છે. કસ્ટમના અધિકારીઓ દ્વારા ધરપકડ કરવામાં આવેલા બન્ને વિમાની યાત્રીઓની આકરી પૂછપરછ હાથ ધરી છે. રાજીવ ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાની મથક ખાતે ફરજ બજાવતા કસ્ટમ અધિકારીઓએ હૈદરાબાદ સ્થિત યાત્રીઓની ચકાસણી કરી હતી. શંકા ગયા બાદ થાઈલેન્ડથી આવેલી ફ્લાઈટના યાત્રીની ચકાસણી કરવામાં આવી હતી. ચકાસણી બાદ ૨૨૧ ગ્રામની સોનાની ચેન મળી આવી હતી. આ ચેન વિમાની યાત્રીએ પહેરેલી હતી તેની કિંમત ૬.૬૩ લાખ રૂપિયાની હતી જ્યારે દુબઈની ફ્લાઈટથી આવેલા અન્ય એક યાત્રી પાસેથી ૪૦૦ ગ્રામ સોનું મળી આવ્યું હતું. આની કિંમત ૧૨ લાખ રૂપિયા હોવાનું જાણવા મળ્યું છે. બેગમાં ગુપ્ત જગ્યાએ આ સોનું છુપાવવામાં આવ્યું હતું. હાલમાં સોનાની દાણચોરીના કિસ્સાઓમાં સતત વધારો થયો છે. સોના ઉપર ડ્યુટીને લઈને આક્રમક વલણ અપનાવવામાં આવ્યા બાદ સોનાની દાણચોરી વધી છે.



નેપાળની સૌથી જૂની પાર્ટી નેપાલી કોંગ્રેસના પ્રમુખ ૭૫ વર્ષીય સુશીલ કોઈરાલાની નેપાળના નવા પ્રધાનમંત્રી તરીકે પસંદગી થઈ છે. તેમણે વિમાન હાઈજેક કરવા મદદ કરવાના કેસમાં ત્રણ વર્ષ જેલમાં ગુજારેલ છે. તેમના કુટુંબમાંથી ભૂતકાળમાં ત્રણ જણા પ્રધાનમંત્રી પદે રહી ચૂકયા છે.

### મોંઘેરા મોતી (પાના નં. ૪ નું ચાલુ)

આ ઉપરાંત છ હજાર ભાષાઓનું વ્યાકરણ પણ એક જ ચિત્રલિપિમાં લખ્યું છે. તેમની એક જ અદમ્ય ઇચ્છા છે કે, ચિત્રલિપિ દ્વારા લોકો સંગીતના સૂરોના આનંદ - અનુભવ નહીં પણ તેને વાંચીને શીખે. આ ચિત્રલિપિ જો અભ્યાસક્રમમાં સામેલ કરવામાં આવે તો બાળકો સંગીતને સરળતાથી શીખી શકે છે. શ્રીહરિએ આ બાબતે કેન્દ્ર અને રાજય સરકારને રજૂઆત કરી હોવા છતાંયે આ મુદ્દે તેમને કોઇ સાનુકૂળ પ્રત્યુત્તર મળી શક્યો નથી. આટલા વર્ષોની મહેનત બાદ સંગીત પ્રત્યેની લોકોમાં અવગણના જોઇને શ્રીહરિને અત્યંત દુઃખી છે. જો કે, બ્રિટનની સરકારે શ્રીહરિના આ નવા સંશોધનને સ્વીકારી પ્રાથમિક શાળાઓમાં અભ્યાસક્રમ રૂપે સ્વીકાર્યું છે. શ્રીહરિ વડનેરકરે ‘રઘુપતિ રાઘવ રાજા રામ’, વંદે માતરમ્ જેવા ગીતોનાં ઘણાં ચિત્રો તૈયાર કર્યા છે. સામાન્ય માણસ ગણિત વિશે જાણકારી મેળવી શકે તે માટે જયપુર અને દિલ્હીમાં જંતરમંતર જેવા શિલ્પો છે તે જ જોઇને શ્રીહરિએ સંગીત વિશે ચિત્રલિપિ બનાવવાનું નક્કી કર્યું હતું.

શ્રીહરિનું કહેવું છે કે, સંગીતથી માત્ર આનંદ મેળવી શકાય છે એવું નથી પણ આરોગ્યની દૃષ્ટિએ પણ શ્રેષ્ઠ છે. જેમ કે, જોગરાન અને તોરી માનસિક શાંતિ, કેદાર અને હિંડોલ રાગ દ્વારા ડિપ્રેશનથી મુક્તિ મેળવી શકાય છે. પાર્કિન્સમાં અમન કલ્યાણ રાગ ઉત્તમ ગણાય છે. ૭૫ જેટલા રોગોમાં ઉપયોગી નીવડ છે. આ ઉપરાંત હકારાત્મક વિચારો પણ આવે છે. શ્રી હરિની સંગીત વિશેની ચિત્રલિપિ વિશે ‘ધ જર્નલ ઓફ ધ ઇન્ડિયન ઇન્સ્ટિટયુટ ઓફ આર્કિટેક્ટ’ માં પણ લેબ પ્રસિદ્ધ થયો છે. શ્રીહરિએ ગાંધીનગર અને અમદાવાદની માધ્યમિક શાળાઓમાં આ ચિત્રલિપિ દ્વારા વિદ્યાર્થીઓને સંગીત શીખવવાનો પ્રયત્ન કર્યો હતો અને તેનું સારું પરિણામ પણ મળ્યું હતું.

શ્રીહરિ વડનેરકરે સંશોધનનો ગુલાલ માત્ર પોતાના ખિસ્સામાં જ ભરી ન રાખ્યો અને ભારતના વિદ્યાર્થીઓ માટે ઉડાડ્યો છે. ક્યાં બાત હૈ? આજે પોતાના માટે તો સૌ કોઇ જીવે છે અન્ય માટે તો જીવી જુઓ! એનો આનંદ કંઇ ઓરજ હશે. શ્રી વડનેરકરે સાહેબ આપને અને આપના સંશોધનને વંદના છે. આત્મસંતોષથી મોટું કાંઇ પગથિયું જીવનમાં બીજું કોઇ હોઇ જ ન શકે. એંસી વર્ષે પહોંચેલાં તરોતાજા શ્રીહરિ વડનેરકર સતત પ્રવૃત્ત છે. તેમનું સરનામું છે. પ્લોટ નં. ૧૯૬-૧, સેક્ટર-૧બી, ગાંધીનગર, ફોન. (૦૭૯) ૨૩૨૪૮૨૪૪ છે.

## ઓટો અને બસમાં ૨૦મીથી જીપીએસ ફરજિયાત રહેશે

નવી દિલ્હી,તા.૧૦

સરકારે ૧૦ લાખથી વધુની વસ્તી ધરાવત મોટા શહેરોમાં ચાલતા જાહેર પરિવહનના વાહનો માટે જીપીએસ સાધન સ્થાપિત કરવા માટે ૨૦મી ફેબ્રુઆરીની મહેતલ નક્કી કરી લીધી છે. આ મહિનાની ૨૦મી તારીખ બાદ જીપીએસ સાધનો ફરજિયાત રહેશે. માર્ગ પરિવહન અને રાજમાર્ગ દ્વારા જારી કરવામાં આવેલા પરિપત્રમાં જણાવવામાં આવ્યું છે કે જાહેર સેવાના વાહનોના માલિકોને ૨૦મી ફેબ્રુઆરી ૨૦૧૪ સુધી તેમના વાહનોમાં ગ્લોબલ પોઝિસનીંગ સિસ્ટમ (જીપીએસ) સ્થાપિત કરવાની જરૂર રહેશે. જો જીપીએસ સિસ્ટમ ગોઠવવામાં આવશે નહીં તો જરૂરી પગલાં લેવામાં આવશે. ડિફોલ્ટરો સામે આકરી કાર્યવાહી કરવામાં આવશે. માર્ગ પરિવહન મંત્રાલયે અગાઉ પેસેન્જર વાહનના માલિકોને ૩૦મી સપ્ટેમ્બર ૨૦૧૩ સુધી તેમના વાહનોમાં આ વ્યવસ્થા ગોઠવવા કહ્યું હતું. જાન્યુઆરી મહિનામાં આર્થિક બાબતો અંગેની કેબીનેટ સમીટિએ સત્તાવારાઓને જાગૃત કરવા માટે એલાર્મ બટન ઉપલબ્ધ કરાવવા અને જાહેર પરિવહન ઉપર નજર રાખવા ૧૪૦૫ કરોડના પ્રોજેક્ટને મંજૂરી આપી હતી. આ પ્રોજેક્ટમાં ક્લોઝ સર્કિટ ટેલિવિઝન (સીસીટીવી) સ્થાપિત કરવા અને મહિલાઓ અને યુવતીઓની સુરક્ષાની ખાતરી કરવા જીપીએસનો ઉપયોગનો સમાવેશ થાય છે. આ પ્રોજેક્ટ દિલ્હીમાં થોડાક સમય પહેલાં જ ચાલતી બસમાં બળાત્કારનો શિકાર થયેલી અને ત્યારબાદ ગંભીર ઈજાના કારણે મૃત્યુપામેલી પેરામેડીકલની વિદ્યાર્થીનીના આધાર ઉપર રાખવામાં આવ્યો છે. મહિલા સુરક્ષા માટે નિર્ભયા ફંડ તરીકે આ પ્રોજેક્ટ રહેશે. નેશનલ લેવલ વ્હીકલ સિક્યુરિટી સ્થાપિત કરવા ફંડની ફાળવણી બાદ બે વર્ષમાં આને અમલી બનાવવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે આ ફંડની રચના દેશભરમાં ભારે હોબાળો મચી ગયા બાદ કરાઈ હતી. આ પ્રોજેક્ટના ભાગરૂપે હવે ૧૦ લાખથી વધુની વસ્તી ધરાવતા તમામ મોટા શહેરોમાં દોડતા જાહેર પરિવહનના વાહનો ઉપર નજર રાખવામાં આવશે. જીપીએસથી સત્તાવાળાઓને તાત્કાલિક રીતે જાણ કરવામાં આવશે. ૧૬મી ડિસેમ્બર ૨૦૧૨ના દિવસે ચાલતી બસમાં ૨૩ વર્ષીય વિદ્યાર્થીની ઉપર ગેંગરેપના બનાવના અનુસંધાનમાં આ પોલીસી ઘડવામાં આવી છે. ભોગ બનેલી વિદ્યાર્થીનીનું ૨૯મી ડિસેમ્બરના દિવસે સિંગાપુરની હોસ્પિટલમાં મોત થયું હતું. આ બનાવના કારણે દેશભરમાં જોરદાર હોબાળો મચી ગયો હતો અને તાત્કાલિક ધોરણે નિયમોમાં ફેરફાર પણ કરવા પડ્યા હતા.

## કોકાકોલાના ભારતમાં પ્લાન્ટને ભારે નુકસાન

નવી દિલ્હી,તા.૧૦

વિશ્વની સૌથી મોટી બેવરેજ બનાવટી કોકાકોલા કંપનીને છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં સૌથી ઓછું વેચાણ અને નફોના ગ્રોથની સ્થિતિનો સામનો કરવો પડી રહ્યો છે. વિશ્વના અન્ય દેશોની સરખામણીમાં કોકાકોલાના ભારતમાં સૌથી મોટા બોટલીંગ પ્લાન્ટને ભારે નુકસાન થયું છે. હિંદુસ્તાન કોકાકોલા બેવરેજ (એચસીસીબી)ને વર્ષ ૨૦૧૩ માટે વેચાણ ગ્રોથમાં ઘટાડાનો સામનો કરવો પડ્યો છે. અગાઉના નાણાંકીય વર્ષમાં ૨૩.૬ ટકાથી ઘટીને સેલ્સ ગ્રોથ ૧૭.૬ ટકા થઈ ગયો છે. રજિસ્ટ્રાર ઓફ કંપની સમક્ષ રજૂ કરવામાં આવેલા આંકડામાં આ મુજબની વાત કરવામાં આવી છે. થમ્સઅપ અને સ્પીરીટ ડ્રિક્સ બનાવતી કંપનીઓએ પણ આ ગાળામાં નુકસાનનો સામનો કરવો પડ્યો છે. તેમના નફો ૩૭૭ કરોડથી ઘટીને ૨૭૮ કરોડ થઈ ગયો છે. જો કે કોકાકોલાના પ્રવક્તાનું કહેવું છે કે મંદીનો આ પ્રવાહ ટૂંકાગાળા માટે છે.



સોમવારે ‘યુ વી કેન’ કેન્સર ફાઉન્ડેશન અને એનજીઓ નવભારત સેવા સમિતિના સંયુકત ઉપક્રમે યોજાયેલા ‘કેન્સર મુકત પૂર્વી દિલ્લી’ અંતર્ગત કેન્સર અવેરનેસ કાર્યક્રમમાં ભારતીય ક્રિકેટર યુવરાજસિંહે હાજરી આપી કેન્સર અંગે લોકજાગૃતિ અભિયાનને બળ પુરું પાડયું હતું.

## ઓરિસ્સામાં નૌકા ડૂબી જતાં ૨૪ના કરૂણ મોત

### સાત લોકો હજુ પણ લાપતા : વધુ ૧૩ પ્રવાસીના મૃતદેહ મળ્યા

ઓરિસ્સાના સંબલપુર જીલ્લામાં નૌકા દુર્ઘટનામાં મોતનો આંકડો વધીને આજે ૨૪ ઉપર પહોંચ્યો હતો. બચાવ અને રાહત કામગીરી હજુ પણ યુદ્ધના ધોરણે ચાલી રહી છે. લાપતા થયેલા અન્ય સાત લોકોને શોધી કાઢવાના પ્રયાસ ચાલી રહ્યા છે. ૧૩ લોકોના મૃતદેહ આજે મળી આવ્યા હતા. મૃતદેહ શોધી કાઢવા સવારથી જ કામગીરીને આગળ વધારવામાં આવી હતી. ખાસ રાહત કમિશનર પીકે મોહાપાત્રાએ માહિતી આપતા કહ્યું છે કે, ગઈકાલે સંબલપુર જિલ્લામાં નૌકા ઉંધી વળી ગયા બાદ તમામ લોકો લાપતા થઈ ગયા હતા. ત્યારબાદ આજે સવારે ૧૩ લોકોના મૃતદેહ મળી આવ્યા હતા. સાત લોકો જે લાપતા બનેલા છે તેમને શોધી કાઢવાની પ્રક્રિયા ચાલી રહી છે પરંતુ તેઓ જીવતા



મળે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. મૃત્યુ પામેલા લોકોના પરિવારના સભ્યોને ૧.૫ લાખના વળતરની જાહેરાત સરકાર દ્વારા કરવામાં આવી છે.

બચી ગયેલા લોકોને હોસ્પિટલમાં મફત સારવાર આપવામાં આવી રહી છે. સંબલપુરના રેવન્યુ ડિવીઝનલ કમિશનર દ્વારા તપાસનો આદેશ અપાયો છે.

## સમાચાર ઝલક

- આઇ.પી.એલ.માં સ્પોટ ફિક્સીંગનો નવો અહેવાલ સોંપાયો.
- મથુરા નજીક ગ્રામ પંચાયતનો નિર્ણય - દારૂ વેચનારને પણ દંડ અને પીનારને પણ દંડ.
- રાજઠાકરેને ચૂંટણી લડતા અટકાવવા માટે કોર્ટમાં રીટ કરાઇ.
- આશારામ બાપુની જોધપુર કોર્ટે જામીન અરજી ફગાવી.
- અમેરિકામાં હિમવર્ષાથી વીજકાપ, ૧૦ લાખ ઘરોમાં અંધારપટ.
- પાલીતાણામાં ભુકંપનાં હળવાં આંચકા.
- ભાજપ મહિલા મોરચાની મિટીંગમાં ભાગદોડ થતાં મહિલા કાર્યકરનું મોત.
- દૂધસાગર ડેરીના ચેરમેન મેનેજીંગ ડિરેક્ટરની આગોતરા જામીન અરજીની તા.૧૨મી ફેબ્રુઆરીએ સુનાવણી.
- શામળાજી નજીક જાનૈયા ભરેલી જીપ ઉથલી પડી, જાનૈયાઓ સારવાર હેઠળ.
- ધાનેરામાં રેલ્વે પુલ પહોળો કરવા માટે આમ આદમી પાર્ટીના કાર્યકરો ૧૦ દિવસથી આંદોલન ચલાવે છે.
- મહારાષ્ટ્રમાં ટોલટેક્ષના આંદોલનને રાજઠાકરે તા.૧૨મીથી ઉગ્ર બનાવશે.
- નેપાળના વડાપ્રધાન સુશીલા કોઇરાલા બનશે.
- કાશ્મીરમાં ફરીથી ઠંડીનું મોજું ફરી વળ્યું.
- પાલનપુરમાં ૩૧ લાખની ખંડણી માંગનાર સામે અપહરણની ફરિયાદ નોંધાઇ.
- સુરતમાં નિરવ દેસાઇએ મોદીના સમર્થનમાં ૧૦૦ કિલોમીટરની પદયાત્રા શરૂ કરી.
- વસ્ત્રાલમાં કાર ચાલકે ૫ લોકોને અડફેટમાં લીધા, લોકોએ કાર સળગાવી દીધી.
- જામનગરમાં ૨ બોટ સાથે ૧૦ શંકાસ્પદ વ્યક્તિઓની ધરપકડ.
- કરાંચીમાં ધાર્મિક સભામાં ગોળીબારથી ૭ લોકોનાં મોત.
- દિલ્હીમાં હવે પાણીની તંગી સર્જાશે.
- લોકસભા-રાજયસભા સંસદ આજે પણ મુલતવી રહી.